શોક્ષ PG /CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG /CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ – ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042900 website : www.pgvcl.cam ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૧/ક્વા–૦૧/૧૮–૧૯/ 7149-5 તા. 26-7-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
રણછોડભાઈ હીરાભાઈ વસોયાના વારસદાર
હરસુખભાઈ રણછોડભાઈ વસોયા
ગામ: કુબા (રાવણી)
તા. વિસાવદર
જી: જુનાગઢ
મો: ૯૮૭૯૪ ૮૬૦૧૭
Pin - 362130.

વિષય :–નવા ખેતીવાડી જોડાણ બાબત

સંદર્ભ:– આપની અરજી , તા. ૧૫–૦૬–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૭૧/ક્વા–૦૧/૧૮–૧૯ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે

જે આમને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી , જુનાગઢ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૪૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી નં–૧, વિસાવદર

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૭૧/કવા–૦૧/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૦૬–૦૭–૧૮ | સ્થળ : જુનાગઢ |
|---|---|---|

**પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: રણછોડભાઈ હીરાભાઈ વસોયાના વારસદાર, ગામ: કુબા**

**રજુઆત કરનાર: અરજદાર ના પુત્ર હરસુખભાઈ રણછોડભાઈ વસોયા હાજર રહેલ છે.**

**વિરુદ્ધ**

**પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી નં–૧, વિસાવદર (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ)**

**રજુઆત કરનાર :એલ.કે.પરમાર – કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ**

**: હુકમ :**

**ફરીયાદ : નવા ખેતીવાડી જોડાણ બાબત**

**મુદ્દા નં –૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદ્દાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, અરજદાર શ્રી ના પિતાશ્રી હિરાભાઈ રણછોડભાઈ વસોયા ના નામે વિસાવદર તાલુકાના કુબા(રાવણી) ગામે ખેતીની સીમ જમીન ખેડખાતા નં–૬૭ રેવન્યુ સર્વે નંબરઃ ૫૪/૧ બ ની છે. ૧–૫૬–૮૨ આરે. ની ધારણ કરીએ છીએ. જે જમીન મા અમોએ પિયત કરવા માટે રીગદાર બનાવેલ છે. સદર જગ્યાએ અરજદારે ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ૦૩ માસ પહેલા પીજીવીસીએલ મા અરજી કરેલ હોવા છતા, તેઓને મૌખિક જણાવેલ કે – જોડાણ તેઓને મળી શકે તેમ નથી. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદ્દા નં.–૨ : પક્ષકાર નં –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | વિસાવદર તાલુકાનાં કુબા ( રાવણી ) ગામના શ્રી હરસુખભાઇ રણછોડભાઈ વસોયા એ તેમની ખેત જમીન માં ખેત વિષયક વીજ જોડાણ આપવા બાબતની રજૂઆત કરેલ છે તે બાબતનો મુદ્દાસર પ્રત્યુતર નીચે મુજબ છે.<br><br>• વિસાવદર તાલુકા ના કુબા ( રાવણી ) ગામના ખેડૂત શ્રી વસોયા રણછોડભાઈ હિરાભાઈ દ્વારા તારીખ ૦૮.૧૧.૨૦૧૧ ના રોજ રૂ ૨૦૦/- રજીસ્ટ્રેશન ના ભરી અને ૧૨.૫ હો.પા. નું ખેતીવાડી વીજ જોડાણ તેમના સર્વે નંબર ૫૪/૧ માં લેવા માટે ની અરજી વિસાવદર પેટાવિભાગ -૧ કચેરી માં કરેલ હતી.<br><br>• સદર ખેતીવાડી વીજ કનેકશન વર્ષ 2017 માં તેમના અગ્રતા ક્રમ ના આધારે મંજૂર થતાં વિસાવદર પેટા વિભાગ કચેરી-1 તરફથી સદર ખેતીવાડી વીજ કનેક્સન નું સર્વે કામ હાથ ધરવામાં આવેલ હતું અને સદર સર્વે કામ માં જાણ થયેલ કે આજ સર્વે નંબર માં ઓફિસ રેકર્ડ મુજબ શ્રી રણછોડભાઈ હિરાભાઈ વસોયા ના નામનું એક વીજ કનેક્શન ગ્રાહક નંબર 35558/00170/4 થી 10 હો.પા. નું ફ્લેટ રેટ ટેરિફ મુજબ હયાત છે અને આ ખેતીવાડી વીજ કનેક્સન નો સર્વે નો નંબર પણ 54/1/પૈકી બ છે આમ માંગેલા નવા વીજ જોડાણ તથા ઓફિસ રેકોર્ડ મુજબ સર્વે નંબર 54/1 પૈકી બ મુજબ માં વીજ જોડાણ આવેલ છે.<br><br>• આથી રણછોડભાઈ હિરાભાઈ વસોયા ને પત્ર નંબર પત્ર નંબર વીએસડી-૧/ટેક /આરઇ/૨૩૦૮/૧૭.૦૫.૨૦૧૭ થી એકજ સર્વે નંબર માં બીજું વીજ કનેકશન આપી ના શકાય તેવો પત્ર લખેલ અને રજૂઆત કરવા માટે જણાવેલ હતું જેના પ્રત્યુતરમાં તેઓએ તા૧૭.૦૬.૨૦૧૭ ના રોજ રૂ ૧૦૦ ના સ્ટેમ્પ પેપર ઉપર તેઓની રજૂઆત જણાવેલ જેમાં તેઓ જણાવે છે કે " મારી સિમ જમીન માં કોઈ પણ પ્રકારનું વીજ જોડાણ આવેલ નથી.<br><br>સદર બાબતે ખરેખર સદર સર્વે નંબર માં વીજ કનેકશન છે કે કેમ અને આ નામે બીજી કઈ જગ્યાએ વીજ કનેકશન |

| | |
|---|---|
| | આવેલ છે તેની ખરાઈ અને ખાતાકીય કાર્યવાહી તલાટી મંત્રી ને હાજર રાખી કરવાની થતી હોય આ કાર્યવાહી કરવા માટે તલાટી મંત્રી શ્રી ને પત્ર નાયબ ઇજનેર શ્રી વિસાવદર 1 દ્વારા લખવામાં આવેલ છે તદઉપરાંત નાયબ ઇજનેર શ્રી વિસાવદર-1 અને કાર્યપાલક ઇજનેર શ્રી વિભાગીય કચેરી -1 દ્વારા સ્થળ ઉપર મુલાકાત લઈ અને તપાસ કરતા માલૂમ પડેલ છે કે જે સ્થળે અરજદાર શ્રી દ્વારા વીજ કનેક્શન લેવાનું છે ત્યાં એટલે કે સર્વે નંબર 54/1/પૈકી બ માં કોઈ પણ પ્રકારનું વીજ કનેક્શન આવેલ નથી પરંતુ શ્રી રણછોડભાઈ હિરભાઈ વસોયા ના નામનું એક વીજ કનેક્શન ગ્રાહક નંબર 35956/00170/4 થી 15 હો.પા. નું ફ્લેટ રેટ ટેરિફ મુજબ હયાત છે તે વીજ કનેક્શન ઓફિસ રેકોર્ડ મુજબ 54/1/પૈકી બ છે પરંતુ હકીકત માં આ વીજ કનેક્શન ઓફિસ ના રેકર્ડ મુજબ ના જમીન ના દાખલા અને સર્વે નંબર મુજબ ઊભું કરવામાં આવેલ નથી પરંતુ હાલ શ્રી હરસુખભાઇ રણછોડભાઈ વસોયા ની જમીન માં એટલેકે સર્વે નંબર ૨૧ માં આ કનેક્શન આવેલ છે આમ પીજીવીસીએલ ના ઓફિસ રેકર્ડ મુજબ સર્વે નંબર 54/1/પૈકી બ મા એક કનેક્શન હોય બીજું વીજ કનેક્શન નિયમાનુસાર આપવામાં આવેલ નથી. તેથી રજૂઆત કરતાં શ્રી હરસુખભાઇ રણછોડભાઈ ને રૂબરૂ આ બાબતની સમજ આપેલ છે કે તેમના પિતા ના નામનું એટલેકે રણછોડભાઈ હીરાભાઈ વસોયા ના નામનું ગ્રાહકનંબર 35958/00170/4 વાળું ખેતીવાડી વીજ કનેક્શન જે તે સમયે સર્વે નંબર ૫૪/૧/પૈકી બ માં ઊભું થવું જોઈતું હતું પરંતુ જે તે સમયે તે તેમના પિતા દ્વારા સર્વે નંબર ૨૧ માં ઊભું કરવામાં આવેલ છે જેથી જો હવે સર્વે નંબર ૫૪/૧/પૈકી બ નું તારીખ ૦૮.૧૧.૨૦૧૧ ની અરજી વાળું વીજ કનેક્શન જોઈતું હોય તો ગ્રાહક નંબર ૮૫૯૫૮/૦૦૧૭૦/૪ વાળું વીજ કનેક્શન પી.ડી.સી. કરવું પડે અને ત્યાર બાદ જ સર્વે નંબર ૫૪/૧/પૈકી બ નું તારીખ ૦૮.૧૧.૨૦૧૧ ની અરજી વાળું વીજ કનેક્શન મળી શકે. |

**મુદ્દા નં.–૩ :** **નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | વિસાવદર તાલુકા ના ફૂબા ( સવણી ) ગામના ખેડૂત શ્રી વસોયા રણછોડભાઈ હિરાભાઈ દ્વારા તારીખ ૦૮.૧૧.૨૦૧૧ ના રોજ રૂ ૨૦૦/- રજીસ્ટ્રેશન ના ભરી અને ૧૨.૫ હો.પા. નું ખેતીવાડી વીજ જોડાણ તેમના સર્વે નંબર ૫૪/૧ માં લેવા માટે ની અરજી વિસાવદર પેટાવિભાગ -૧ કચેરી માં કરેલ હતી. જે અનુસંધાને સદર ખેતીવાડી વીજ કનેક્સન નું સર્વે કામ હાથ ધરવામાં આવેલ હતું અને સદર સર્વે કામ માં જાણ થયેલ કે આજ સર્વે નંબર માં ઓફિસ રેકર્ડ મુજબ શ્રી રણછોડભાઈ હિરાભાઈ વસોયા ના નામનું એક વીજ કનેક્શન ગ્રાહક નંબર 35958/00170/4 થી 15 હો.પા. નું ફ્લેટ રેટ ટેરિફ મુજબ હયાત છે અને આ ખેતીવાડી વીજ કનેક્સન નો સર્વે નો નંબર પણ 54/1/પૈકી બ છે.<br><br>આથી રણછોડભાઈ હિરાભાઈ વસોયા ને પત્ર નંબર પત્ર નંબર વીએસડી-૧/ટેક /ખારઇ/૨૩૦૮/૧૭.૦૫.૨૦૧૭ થી એકજ સર્વે નંબર મા બીજું વીજ કનેક્શન આપી ના શકાય તેવી સામાવાળાએ પત્ર લખેલ અને રજૂઆત કરવા માટે જણાવેલ હતું જેના પ્રત્યુતરમાં અરજદારે તા૧૭.૦૬.૨૦૧૭ ના રોજ રૂ ૧૦૦ ના સ્ટેમ્પ પેપર ઉપર તેઓની રજૂઆત જણાવેલ જેમાં તેઓ જણાવે છે કે "મારી સિમ જમીન માં કોઈ પણ પ્રકારનું વીજ જોડાણ આવેલ નથી.જેથી સદર બાબતે સ્થળ તપાસ તલાટી મંત્રી ની હાજરીમાં નાયબ ઇજનેર શ્રી વિસાવદર-1 અને કાર્યપાલક ઇજનેર શ્રી વિભાગીય કચેરી -1 દ્વારા સ્થળ ઉપર મુલાકાત લઈ અને તપાસ કરતા માલૂમ પડેલ છે કે જે સ્થળે અરજદાર શ્રી દ્વારા વીજ કનેક્શન લેવાનું છે ત્યાં એટલે કે સર્વે નંબર 54/1/પૈકી બ મા કોઈ પણ પ્રકારનું વીજ કનેક્શન આવેલ નથી પરંતુ રેકર્ડ મુજબ શ્રી રણછોડભાઈ હિરભાઈ વસોયા ના નામનું એક વીજ કનેક્શન ગ્રાહક નંબર 35958/00170/4 થી 10 હો.પા. નું ફ્લેટ રેટ ટેરિફ મુજબ હયાત છે તે વીજ કનેક્શન ઓફિસ રેકોર્ડ મુજબ 54/1/પૈકી બ છે. |
| ૩.૨ | ઉપરોક્ત મુદ્દા નં.૩.૧ મુજબ ની વિગતો મુજબ ખેતીવાડી વીજ જોડાણ નંબર 35558/00170/4 ઓફિસ ના રેકર્ડ મુજબ ના જમીન ના દાખલા અને સર્વે નંબર મુજબ ઊભું કરવામાં આવેલ નથી પરંતુ હાલ શ્રી હરસુખભાઇ રણછોડભાઈ વસોયા ની જમીનમાં એટલેકે સર્વે નંબર ૨૧ માં આ કનેક્શન આવેલ છે. આમ પીજીવીસીએલ ના ઓફિસ રેકર્ડ મુજબ સર્વે નંબર 54/1/પૈકીબ માં એક કનેક્શન હોય બીજું વીજ કનેક્શન નિયમાનુસાર આપવામાં આવેલ નથી. તેથી રજૂઆત કરતાં શ્રી હરસુખભાઇ રણછોડભાઈ ને રૂબરૂ આ બાબતની સમજ આપેલ છે કે તેમના પિતા ના નામનું એટલેકે રણછોડભાઈ હીરાભાઈ વસોયા ના નામનું ગ્રાહકનંબર 35958/00170/4 વાળું ખેતીવાડી વીજ કનેક્શન જે તે સમયે સર્વે નંબર ૫૪/૧/પૈકીબ માં ઊભું થવું જોઈતું હતું પરંતુ જે તે સમયે તે તેમના પિતા દ્વારા સર્વે નંબર ૨૧ મા ઊભું કરવામાં આવેલ છે |

| | |
|---|---|
| | જેથી અરજદારની અરજી અન્વયે સર્વે નંબર ૫૪/૧/પૈકીબ નુ તારીખ ૦૮.૧૧.૨૦૧૧ ની અરજી વાળું વીજ કનેક્શન જોઈતું હોય તો ગ્રાહક નંબર ૩૫૯૫૮/૦૦૧૭૦/૪ વાળું વીજ કનેક્શન પી.ડી.સી. કરવું પડે — અથવા — સદર કેઈસ મા, અરજદાર ની અરજી મુજબ – જે તે સમયે રજુ કરાયેલા દાખલાઓ મુજબ ની જમીન માં – અરજદાર દ્વારા ખેતીવાડી વીજજોડાણ ઉભુ કરાવવાની કાર્યવાહી કરાવાયેલ ન હોય – જે અનુસંધાને – સદર વીજજોડાણ ને શીફટીંગ કરવા બાબતે હાલ– શ્રી રણછોડભાઈ હીરાભાઈ વસોયા હૈયાત ન હોય – જેથી ભવિષ્ય મા કોઈ કાયદાકીય પ્રશ્ન ઉભો ન થાય તે હેતુ થી સીધીલીટી ના વારસદારો પૈકી કોઈ એક વારસદાર ને વીજજોડાણ ને હકકદાર રહેશે. તે મુજબ – ૩૫૯૫૮/૦૦૧૭૦/૪ વાળું વીજ કનેક્શન ના મુળ ગ્રાહક નો વારસાઈ આંબો – અને તે વારસાઈ આંબામા દર્શાવ્યા મુજબના – સીધીલીટી ના વારસદારો ના – નોટરાઈઝ સ્ટેમ્પપેપર ના લેખીત સંમતીપત્રકો રજુ કર્યેથી – પેટા વિભાગીય કચેરી હેઠળ ના કાર્યક્ષેત્ર હેઠળ ના – મુળ અરજદાર ની પોતાની માલીકી ની અન્ય જગ્યાએ – ખેતીવાડી વીજજોડાણ હૈયાત ન હોય તેવા સંજોગોમાં નવીન જગ્યાએ ખેતીવાડી વિષયક વીજજોડાણ નોંધણીચાર્જ તેમજ અન્ય જરૂરી દસ્તાવેજીક પેપર્સ મહેસુલી પુરાવો રજુ કર્યે થી શીફટીંગ કરી શકાય. ત્યાર બાદ જ સદર સર્વે નંબર ૫૪/૧/પૈકી-બ નુ તારીખ ૦૯.૧૧.૨૦૧૧ ની અરજી વાળું વીજ કનેક્શન મળી શકે; તેમ સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

<u>મુદ્દા નં.–૪</u> <u>હુકમ</u>

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૨ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી)
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ: જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી આ નિર્ણય સાથે, નિર્ણયના મળ્યા પછીના ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાકીય બાબત સંબંધ હોય તો, સદર રકમ ૩૩% રકમ વીજકંપનીઓમાં જમા કરાવ્યા સાથે ભરપાઈ કરાવેલ હોવાની ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.